"મીઠાં બાળકો - આ સમયે નિરાકાર બાપ સાકાર માં આવીને તમારો શૃંગાર કરે છે, એકલા નહીં"

પ્રશ્ન :- આપ બાળકો યાદ ની યાત્રા માં શા માટે બેસો છો?

ઉત્તર :- ૧. કારણ કે તમે જાણો છો આ યાદ ની યાત્રા થી જ આપણને મોટું આયુષ્ય મળે છે, આપણે નિરોગી બનીએ છીએ. ૨. યાદ કરવાથી આપણા પાપ કપાય છે. આપણે સાચું સોનું બની જઈએ છીએ. આત્માથી રજો-તમો ની ખાદ નીકળી જાય છે, તે કંચન બને છે. ૩. યાદ થી જ તમે પાવન દુનિયા નાં માલિક બની જાઓ છો. ૪. તમારો શૃંગાર થશે. ૫. તમે ખૂબ ધનવાન બની જશો. આ યાદ જ તમને પદમાપદમ ભાગ્યશાળી બનાવે છે.

ઓમ શાંતિ ! રુહાની બાળકોને રુહાની બાપ સમજાવી રહ્યા છે. અહીં બેસી તમે શું કરો છો? એમ નહીં, ફક્ત શાંતિ માં બેઠાં છો. અર્થ સહિત જ્ઞાનમય અવસ્થામાં બેઠાં છો. આપ બાળકોને જ્ઞાન છે - બાપ ને આપણે કેમ યાદ કરીએ છીએ? બાપ આપણને બહુ જ મોટી આયુ આપે છે. બાપ ને યાદ કરવાથી આપણા પાપ કપાઈ જશે. આપણે સાચું સોનું સતોપ્રધાન બની જઈશું. તમારો કેટલો શૃંગાર થાય છે. તમારી આયુ મોટી થઈ જશે. આત્મા કંચન થઈ જશે. હવે આત્મા માં ખાદ પડી છે. યાદની યાત્રાથી એ બધી ખાદ જે રજો-તમો ની પડી છે એ બધી નીકળી જશે. એટલો તમને ફાયદો થાય છે. પછી આયુ મોટી થઈ જશે. તમે સ્વર્ગનાં નિવાસી બની જશો અને ઘણાં જ ધનવાન બનશો. તમે પદમાપદમ ભાગ્યશાળી બની જશો એટલે બાપ કહે છે મનમનાભવ, મામેકમ્ યાદ કરો. કોઈ દેહધારી માટે નથી કહેતાં. બાપને તો શરીર છે નહીં. તમારો આત્મા પણ નિરાકાર હતો. પછી પુનર્જન્મમાં આવતાં-આવતાં પારસબુદ્ધિ થી પથ્થરબુદ્ધિ બન્યો છે. હવે ફરી કંચન બનવાનું છે. હવે તમે પવિત્ર બની રહ્યા છો. પાણી નાં સ્નાન તો જન્મ-જન્માંતર કર્યા. સમજ્યા, આપણે આનાથી પાવન બનીશું. પરંતુ પાવન બનવાની બદલે વધારે જ પતિત બની નુકસાન માં પડ્યા છો કારણકે આ છે જ જૂઠી માયા, જુઠ્ઠું બોલવાના સંસ્કાર છે બધા નાં. બાપ કહે છે હું તમને પાવન બનાવીને જાઉં છું પછી તમને પતિત કોણ બનાવે? હમણાં તમે અનુભવ કરો છો ને? કેટલા ગંગા-સ્નાન કરતા આવ્યાં પરંતુ પાવન તો બન્યા નહીં. પાવન બનીને તો પાવન દુનિયામાં જવું પડે. શાંતિધામ અને સુખધામ છે પાવનધામ. આ તો છે જ રાવણ ની દુનિયા, આને દુ:ખધામ કહેવાય છે. આ તો સહજ સમજવાની વાત છે ને. આમાં કોઈ મુશ્કેલાત જ નથી. ન કોઈને સંભળાવવા માં મુશ્કેલી છે. જ્યારે કોઈ મળે તો ફક્ત આ બોલો પોતાને આત્મા સમજી બેહદ નાં બાપ ને યાદ કરો. આત્માઓનાં બાપ છે પરમપિતા પરમાત્મા શિવ. દરેકનાં શરીરનાં તો અલગ-અલગ બાપ હોય છે. આત્માઓ નાં તો એક જ બાપ છે. કેટલું સારી રીતે સમજાવે છે અને હિન્દીમાં જ સમજાવે છે. હિન્દી ભાષા જ મુખ્ય છે. તમે પદમાપદમ ભાગ્યશાળી આ દેવી-દેવતાઓને કહેશો ને? આ કેટલાં ભાગ્યશાળી છે. એ કોઈને પણ ખબર નથી કે આ સ્વર્ગનાં માલિક કેવી રીતે બન્યાં? હવે તમને બાપ સંભળાવી રહ્યા છે. આ સહજયોગ દ્વારા આ પુરુષોત્તમ સંગમ પર જ આ બનો છો. હમણાં છે જૂની દુનિયા અને નવી દુનિયાનું સંગમ. પછી તમે નવી દુનિયાનાં માલિક બની જશો. હવે બાપ ફક્ત કહે છે બે અક્ષર અર્થ સહિત યાદ કરો. ગીતામાં છે મનમનાભવ. અક્ષર તો વાંચે છે પરંતુ અર્થ બિલકુલ નથી જાણતાં. બાપ કહે છે મને યાદ કરો કારણકે હું જ પતિત-પાવન છું, બીજા કોઈ આવું કહી ન શકે. બાપ જ કહે છે મને યાદ કરવાથી તમે પાવન બની પાવન દુનિયામાં ચાલ્યા જશો. પહેલા-પહેલા તમે સતોપ્રધાન હતાં પછી પુનર્જન્મ લેતાં-લેતાં તમોપ્રધાન બન્યાં છો. હવે ૮૪ જન્મ પછી ફરી તમે નવી દુનિયામાં દેવતા બનો છો.

રચયિતા અને રચના બંનેને તમે જાણી ગયાં છો. તો હવે તમે આસ્તિક બની ગયા છો. પહેલા જન્મ-જન્માંતર તમે નાસ્તિક હતાં. આ વાત જે બાપ સંભળાવે છે બીજા કોઈ જાણતા જ નથી. ક્યાંય પણ જાઓ, કોઈ પણ તમને આ વાતો નહીં સંભળાવશે. હવે બંને બાપ તમારો શૃંગાર કરી રહ્યા છે. પહેલા તો બાપ એકલા હતાં. શરીર વગર હતાં. ઉપર બેસી તમારો શૃંગાર કરી ન શકે. કહે છે ને - બત્ત-બાર (૧ અને ૨ મળીને ૧૨ થાય છે) બાકી પ્રેરણા કે શક્તિ વગેરેની વાત નથી. ઉપર થી પ્રેરણા દ્વારા મળી ન શકે. નિરાકાર જ્યારે સાકાર શરીર નો આધાર લે છે

ત્યારે તમારો શૃંગાર કરે છે. સમજે પણ છે - બાબા આપણને સુખધામ માં લઈ જાય છે. ડ્રામા નાં પ્લાન (યોજના) અનુસાર બાબા બંધાયમાન છે, એમને ડ્યુટી મળેલી છે. દર ૫ હજાર વર્ષ પછી આવે છે આપ બાળકોનાં માટે. આ યોગબળથી તમે કેટલાં કંચન બનો છો. આત્મા અને કાયા બંને કંચન બને છે, પછી છી-છી બનો છો. હવે તમે સાક્ષાત્કાર કરો છો - આ પુરુષાર્થ થી અમે આવાં શૃંગારેલા બનીશું. ત્યાં ક્રિમિનલ દૃષ્ટિ હોતી નથી. તો પણ અંગ બધા ઢાંકેલા હોય છે. અહીં તો જુઓ છી-છી વાતો રાવણ રાજ્ય માં શીખે છે. આ લક્ષ્મી-નારાયણને જુઓ ડ્રેસ વગેરે કેટલાં સારા છે. અહીં બધા છે દેહ-અભિમાની. એમને દેહ-અભિમાની નહીં કહીશું. એમની કુદરતી સુંદરતા છે. બાપ તમને એવા કુદરતી સુંદર બનાવે છે. આજકાલ તો સાચાં દાગીના કોઈ પહેરી પણ નથી શકતું. કોઈ પહેરે તો એને પણ લૂંટી જાય. ત્યાં તો આવી કોઈ વાત નથી. એવાં બાપ તમને મળ્યા છે, એમના વગર તો તમે બની ન શકો. ઘણા કહે છે અમે તો ડાયરેક્ટ શિવબાબા થી લઈએ છીએ. પરંતુ એ આપશે જ કેવી રીતે? ભલે પ્રયત્ન કરીને જુઓ, ડાયરેક્ટ માંગો. જુઓ મળે છે? આમ ઘણા કહે છે - અમે તો શિવબાબા થી વારસો લેશું. બ્રહ્માને પૂછવાની પણ શું જરુર છે? શિવબાબા પ્રેરણાથી કંઈક દઈ દેશે. સારા-સારા જૂનાં બાળકો એમને પણ માયા એવી ચટ કરી લે છે. એક ને માને છે, પરંતુ એક શું કરશે? બાપ કહે છે હું એકલો કેવી રીતે આવું? મુખ વગર વાત કેવી રીતે કરી શકું? મુખનું તો ગાયન છે ને. ગૌમુખ થી અમૃત લેવા માટે કેટલાં ધક્કા ખાય છે. પછી શ્રીનાથ દ્વારા પર જઈને દર્શન કરે છે. પરંતુ એમના દર્શન કરવાથી શું થશે? એને કહેવાય છે ભૂત પૂજા. એમના માં આત્મા તો છે નહીં. બાકી પાંચ તત્વોનું પૂતળું બનેલું છે તો એટલે માયાને યાદ કરવાનું થઈ ગયું. ૫ તત્વ પ્રકૃતિ છે ને? એને યાદ કરવાથી શું થશે? પ્રકૃતિનો આધાર તો બધા ને છે પરંતુ ત્યાં છે સતોપ્રધાન પ્રકૃતિ. અહીં છે તમોપ્રધાન પ્રકૃતિ. બાપને સતોપ્રધાન પ્રકૃતિનો આધાર ક્યારેય નથી લેવો પડતો. અહીં તો સતોપ્રધાન પ્રકૃતિ મળી ન શકે. આ જે પણ સાધુ-સંત છે બાપ કહે છે આ બધા નો ઉદ્ધાર મારે જ કરવો પડે છે. હું નિવૃત્તિ માર્ગમાં આવતો જ નથી. આ છે જ પ્રવૃત્તિ માર્ગ. બધા ને કહું છું પવિત્ર બનો. ત્યાં તો નામ-રુપ વગેરે બધું બદલાઈ જાય છે. તો બાપ સમજાવે છે જુઓ, આ નાટક કેવું બનાવ્યું છે. એક નાં ફીચર્સ ન મળે બીજા સાથે. આટલાં કરોડો છે, બધા નાં ફીચર્સ અલગ. કેટલું પણ કોઈ કંઈ કરે તો પણ એકનાં ફીચર્સ બીજા સાથે મળી ન શકે. આને કહેવાય છે કુદરત, વન્ડર. સ્વર્ગ ને વન્ડર કહેવાય છે ને? કેટલું શોભનીક છે. માયાનાં ૭ વન્ડર (અજાયબી), બાપનું એક વન્ડર. એ ૭ વન્ડર્સ ત્રાજવા ની એક તરફ રાખો, આ એક વન્ડર ને બીજી તરફ રાખો તો પણ આ ભારે થઈ જશે. એક તરફ જ્ઞાન, એક તરફ ભક્તિ ને રાખો તો જ્ઞાનની તરફ ખૂબ ભારી થઈ જશે. હવે તમે સમજો છો ભક્તિ શીખવાડવા વાળા તો ઘણાં છે. જ્ઞાન દેવાવાળા એક જ બાપ છે. તો બાપ બેસી બાળકોને ભણાવે છે, શૃંગાર કરે છે. બાપ કહે છે પવિત્ર બનો તો કહેશે - નહીં, અમે તો છી-છી બનીશું. ગરુડ પુરાણમાં પણ વિષય વૈતરણી નદી દેખાડે છે ને? વીંછી, ટીંડન, સાપ વગેરે બધા એકબીજાને કરડતાં રહે છે. બાપ કહે છે તમે કેટલાં નિધન નાં બની જાઓ છો. આપ બાળકોને જ બાપ સમજાવે છે. બહારમાં કોઈને આમ સીધું કહો તો બગડી જશે. ખૂબ યુક્તિથી સમજાવવાનું હોય છે. ઘણાં બાળકોમાં વાતચીત કરવાની પણ અક્કલ નથી રહેતી. નાનાં બાળક એકદમ નિર્દોષ હોય છે એટલે એમને મહાત્મા કહેવાય છે. ક્યાં શ્રીકૃષ્ણ મહાત્મા, ક્યાં આ સંન્યાસી નિવૃત્તિ માર્ગ વાળા મહાત્મા કહેવાય છે. તે છે પ્રવૃત્તિ માર્ગ. એ ક્યારેય ભ્રષ્ટાચારથી પેદા નથી થતાં. એમને કહેવાય જ છે શ્રેષ્ઠાચારી. હવે તમે શ્રેષ્ઠાચારી બની રહ્યાં છો. બાળકો જાણે છે અહીં બાપદાદા બંને ભેગાં છે. આ જરુર શૃંગાર સારો જ કરશે. બધા નું દિલ થશે ને? જેમણે આ બાળકો ને આવો શૃંગાર કરાવ્યો છે તો અમે કેમ નહીં એમની પાસે જઈએ? એટલે તમે અહીં આવો છો રિફ્રેશ થવાં. દિલ કશિશ કરે છે, બાપની પાસે આવવાં. જેમને પૂરો નિશ્ચય થાય છે તેઓ તો કહેશે ભલે મારો, ભલે કાંઈ પણ કરો, અમે ક્યારેય સાથ નહીં છોડીશું. કોઈ તો વગર કારણે પણ છોડી દે છે. આ પણ ડ્રામાનો ખેલ બનેલો છે. ફારગતી કે ડાઈવોર્સ આપી દે છે.

બાપ જાણે છે આ રાવણનાં વંશનાં છે. કલ્પ-કલ્પ આવું થાય છે. કોઈ પછી આવી જાય છે. બાબા સમજાવે છે હાથ છોડવાથી પદ ઓછું થઈ જાય છે. સન્મુખ આવે છે, પ્રતિજ્ઞા કરે છે - અમે આવાં બાપને ક્યારેય નહીં છોડીશું. પરંતુ માયા રાવણ પણ ઓછો નથી. ઝટ પોતાની તરફ ખેંચી લે છે. પછી સન્મુખ આવે છે તો એમને સમજાવાય છે. બાપ લાકડી થોડી મારશે? બાપ તો છતાં પણ પ્રેમથી સમજાવશે, તમને માયા ગ્રાહ ખાઈ જાત, સારું થયું જે બચીને આવી ગયાં. ઘાયલ થશો તો પદ ઓછું થઈ જશે. જે સદૈવ એકરસ જ રહેશે એ ક્યારેય હટશે નહીં. ક્યારેય હાથ નહીં છોડશે. અહીંથી બાપને છોડી મરીને માયા રાવણ નાં બને છે તો તેમને માયા વધારે જોરથી ખાશે. બાપ કહે છે તમને કેટલો શૃંગાર કરું છું. સમજાવાય છે સારા થઈને ચાલો. કોઈને દુઃખ નહીં આપો. લોહીથી પણ લખીને આપે છે પછી જેવાં છે એવાં બની જાય છે. માયા ખૂબ જબરજસ્ત છે. કાન-નાક થી પકડી ને

ખૂબ તડપાવે છે. હમણાં તમને જ્ઞાનનું ત્રીજું નેત્ર આપે છે તો ક્રિમિનલ દૃષ્ટિ ક્યારેય ન જવી જોઈએ. વિશ્વનાં માલિક બનવું છે તો કંઈક મહેનત પણ કરવી પડે ને? હવે તમારો આત્મા અને શરીર બંને તમોપ્રધાન છે. ખાદ પડી છે. આ ખાદને ભસ્મ કરવા બાપ કહે છે મને યાદ કરો. તમે બાપને યાદ નથી કરી શકતાં? શરમ નથી આવતી? યાદ નહીં કરશો તો માયાનાં ભૂત તમને હપ કરી લેશે. તમે કેટલાં છી-છી બની ગયાં છો, રાવણ રાજ્ય માં એક પણ એવાં નથી જે વિકાર થી પેદા ન થયા હોય. ત્યાં આ વિકારનું નામ નથી, રાવણ જ નથી. રાવણ રાજ્ય હોય જ છે દ્વાપરમાં. પાવન બનાવવા વાળા એક જ બાપ છે. બાપ કહે છે બાળકો, આ એક જન્મ જ પવિત્ર બનવાનું છે પછી તો વિકાર ની વાત જ નથી હોતી. એ છે જ નિર્વિકારી દુનિયા. તમે જાણો છો આ પવિત્ર દેવી-દેવતા હતાં પછી ૮૪ જન્મ લેતાં-લેતાં નીચે આવ્યાં છે. હમણાં છે પતિત, ત્યારે પોકારે છે શિવબાબા અમને આ પતિત દુનિયાથી છોડાવો. હવે જ્યારે બાપ આવ્યાં છે ત્યારે તમને સમજ પડી છે કે આ પતિત કામ છે. પહેલા નહોતા સમજતા કારણકે તમે રાવણ રાજ્યમાં હતાં. હવે બાપ કહે છે સુખધામ જવાનું છે તો છી-છી બનવાનું છોડો. અડધો કલ્પ તમે છી-છી બન્યાં છો, માથા પર પાપોનો બહુ જ બોજો છે અને તમે ગાળો પણ ઘણી આપી છે. બાપ ને ગાળો દેવાથી બહુ જ પાપ ચઢી જાય છે, આ પણ ડ્રામામાં પાર્ટ છે. તમારા આત્માને પણ ૮૪ નો પાર્ટ મળેલો છે, એ ભજવવાનો જ છે. દરેકને પોતાનો પાર્ટ ભજવવાનો છે. પછી તમે રડો કેમ છો? સતયુગમાં કોઈ રડતું નથી. પછી જ્ઞાનની દશા પૂરી થાય છે તો એ જ રડવાનું, પીટવાનું શરુ થઈ જાય છે. મોહજીત ની કથા પણ તમે સાંભળી છે. આ તો એક જૂઠું ઉદાહરણ બનાવ્યું છે. સતયુગ માં કોઈનું અકાળે મૃત્યુ થતું નથી. મોહજીત બનાવવા વાળા તો એક જ બાપ છે. પરમપિતા પરમાત્મા નાં તમે વારિસ બનો છો, જે તમને વિશ્વનાં માલિક બનાવે છે. સ્વયંને પૂછો આપણે આત્માઓ એમનાં વારીસ છીએ? બાકી શરીરનાં ભણતર માં શું રાખ્યું છે? આજકાલ તો પતિત મનુષ્યની શકલ પણ ન જોવી જોઈએ, ન બાળકોને દેખાડવી જોઈએ. બુદ્ધિમાં હંમેશા સમજો અમે સંગમયુગ પર છીએ. એક બાપને જ યાદ કરીએ છીએ, બીજા બધાને જોવા છતાં નથી જોતાં. અમે નવી દુનિયાને જ જોઈએ છીએ. આપણે દેવતા બનીએ છીએ, એ નવાં સંબંધોને જ જોઈએ છીએ. જૂનાં સંબંધોને જોવા છતાં નથી જોતાં. આ બધું ભસ્મ થવાનું છે. આપણે એકલા આવ્યાં હતાં પછી એકલા જવાનું છે. બાપ એક જ વાર આવે છે સાથે લઈ જવાં. આને શિવબાબા ની બારાત (જાન) કહેવાય છે. શિવબાબા નાં બાળકો બધા છે. બાપ વિશ્વની બાદશાહી આપે છે, મનુષ્ય થી દેવતા બનાવે છે. પહેલા વિષ નીકળતું હતું, હવે અમૃત નીકળે છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદાનાં યાદ પ્યાર અને ગુડ મોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. સ્વયં ને સંગમયુગી નિવાસી સમજીને ચાલવાનું છે. જૂનાં સંબંધોને જોવા છતાં પણ નથી જોવાનાં. બુદ્ધિ માં રહે આપણે એકલા આવ્યાં હતાં, એકલા જવાનું છે.
2. આત્મા અને શરીર બંને ને કંચન બનાવવા માટે જ્ઞાન નાં ત્રીજા નેત્રથી જોવાનો અભ્યાસ કરવાનો છે. કુદૃષ્ટિ ખતમ કરવાની છે. જ્ઞાન અને યોગ થી સ્વયં નો શૃંગાર કરવાનો છે.

વરદાન :- મનમનાભવ ની અલૌકિક વિધિથી મનોરંજન મનાવવા વાળા બાપ સમાન ભવ

સંગમયુગ પર યાદગાર મનાવવી અર્થાત્ બાપ સમાન બનવું. આ સંગમયુગ સુહેજ છે. ખૂબ મનાવો પરંતુ બાપ સાથે મિલન મનાવતા મનાવો. ફક્ત મનોરંજનનાં રુપમાં નહીં, પરંતુ મનમનાભવ થઈ મનોરંજન મનાવો. અલૌકિક વિધિ સાથે અલૌકિકતા નું મનોરંજન અવિનાશી થઈ જાય છે. સંગમયુગી દીપમાળા ની વિધિ - જૂનું ખાતું ખતમ કરવું, દરેક સંકલ્પ, દરેક ઘડી નવી અર્થાત્ અલૌકિક હો. જૂનાં સંકલ્પ, સંસ્કાર-સ્વભાવ, ચાલ-ચલન આ રાવણ નો કર્જો છે એને એક દૃઢ સંકલ્પથી સમાપ્ત કરો.

સ્લોગન :- વાતોને જોવાના બદલે, સ્વયંને અને બાપને જુઓ.